### પ્રાંતિજના પોયડાથી લાકરોડાની વચ્ચે દીપડાની સફર

# દિપડો ચાર દિવસ બાદ પણ પાંજરે ન પુરાતા ગ્રામજનોમાં ભય

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોયડા ખાતે ત્રણ દિવસ પહેલા દેખાયેલો દીપડો લાકરોડાની સીમમાં પ્રવેશ્યો હોવાનું દીપડાના પગલાં ઉપરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

પ્રાંતિજના પોયડા ખાતે આવેલ સાબરમતી નદીની કોતરોમાં બે દિવસ પહેલાં દીપડો દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મલ્યો હતો. પોયડા ગ્રામના મહિલા સરપંચ તેજલબેન ભૂપતસિંહ ચૌહાણ દ્વારા તંત્રમાં જાણ કરવામા આવી હતી. તંત્ર દ્વારા વનવિભાગમાં જાણ કરતા અધિકારીઓ સહિતની વનવિભાગની બે ટીમો સ્થળ ઉપર દોડી આવ્યા હતાં અને દીપડાને પાંજરે પુરવા સાબરમતી કોતર પાસે અગલ-અલગ જગ્યાએ ત્રણ પાંજરા ગોઠવવામાં આવ્યાં હતા. પોયડા સરપંચ સ્વામી ભૂપતસિંહ ચૌહાણ તથા રાઉન્ડ ફોરેસ્ટ બી.બી. પટેલ, રાઉન્ડ ફોરેસ્ટ અધિકારી ગણપતભાઈ દેસાઈ, બીટગાર્ડ એસ.કે. સરવૈયા, બીટગાર્ડ કે.આર. ઝાલા દ્વારા તપાસ કરતાં દીપડાના પગલાં જોતાં ના મળી આવ્યાં હતાં અને તે લાકરોડા પાસેની સાબરમતી કોતરોમાં ત્રણ કિલોમીટર પડાવ પાર કરી લાકરોડાની કોતરોમા પગલાં ઉપરથી હાલ તો દીપડો પોયડાથી લાકરોડા તરફ પહોચ્યો હોય તેવું તેના પગલાંઓ ઉપરથી અંદાજ લગાવી શકાય છે ત્યારે ગ્રામમાં રહેતા પશું માલિકોમા પણ રાત્રી દરમ્યાન પોતાના પશુઓની સુરક્ષાને લઈને ડર પેદા થયો છે. હાલ તો ગામમાં ભયનો માહોલ છે ને અમથયુયે કોઈએ બુમ પાડી કે હે દિપડો આવ્યો તો ભલભલાના છક્કા છુટી જાય છે. ત્યારે હાલ તો વનઅધિકારીઓ દ્વારા દીપડાને પાંજરે પુરવા હાલ તો નવી ટીમ અજમાવવામાં આવે છે ત્યારે હાલ તો ચાર દિવસ બાદ પણ દીપડો પાંજરે ના પુરાતા ગ્રામજનો સહિત આજુબાજુના લોકોમાં ભયનો માહોલ છે.





## ભાજપ ઉત્તર ગુજરાતમાં ઠાકોર સમાજના રાજકારણને ખત્મ કરવા માંગતી હોવાનો ગણગણાટ

### કોંગ્રસના ઠાકોર સમાજના ત્રણે ઉમેદવારોને જીતાડવા આહવાન

લોકસભા-૨૦૧૯ની ચૂંટણી પહેલા ગુજરાતમાં રાજકીય ઉથલપાથલ ચાલી રહી છે. ભાજપ અને કોંગ્રેસમાં નેતાઓ અને કાર્યકરોમાં હોદેદારો અને કાર્યકરોમાં ભાજપ ઉત્તર ગુજરાતના રાજકારણમાંથી ઠાકોર સમાજના પ્રભુત્વને ખતમ કરવા માંગતી હોવાનો ગણગણાટ શરુ થવાની સાથે સોશ્યલ મીડિયામાં પણ ભાજપ ક્ષત્રિય-ઠાકોર રાજકારણ ખતમ કરવા કમર કસી રહી છે. ત્યારે ક્ષત્રિય-ઠાકોર સેનાના હોદેદારો અને કાર્યકરો એક થઈ કોંગ્રેસે ઠાકોર સમાજની કદર કરી ફાળવેલી લોકસભા બેઠકોના ઠાકોર સમાજના ઉમેદવારો એવા સાબરકાંઠા લોકસભા બેઠકના રાજેન્દ્રસિંહ ઠાકોર, પાટણના જગદીશ ઠાકોર અને આણંદ બેઠકના ભરતસિંહ સોલંકીને જંગી બહુમતીથી વિજય બનાવવા અને તેમના પ્રચારમાં લાગી જવા મેસેજ ફરતા થતા ભાજપના ઉમેદવારોની ઊંઘ હરામ થઈ છે.



ઉત્તર ગુજરાતમાં ક્ષત્રિય-ઠાકોર સેનાના હોદેદારો અને કાર્યકરોમાં અલ્પેશ ઠાકોરે જે રીતે લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ અન્યાય કરતી હોવાની બૂમો પાડી હાલ આયારામ ગયારામની મોસમ ફૂલીફાલી છે. ક્ષત્રિય ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોરે કોંગ્રેસ પક્ષના તમામ પદો પરથી ક્ષત્રિય ઠાકોરે સેનાની કોર કમિટીના કહ્યા પ્રમાણે રાજીનામુ આપ્યું હોય તેવો આભાસ ઉભો કરી કોંગ્રેસને અલવિદા કરતા રાજ્યના ક્ષત્રિય-ઠાકોર સમાજના વર્ષોથી કોંગ્રેસ સાથે જોડાયેલા અગ્રણીઓ અને કાર્યકરોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે અને અલ્પેશ ઠાકોર અંગત સ્વાર્થ માટે કોંગ્રેસને ઉત્તર ગુજરાતમાં હરાવવા માટે ભાજપની બી ટીમ તરીકે કામ કરી રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ઉત્તરગુજરાતમાં ક્ષત્રિય-ઠાકોર સેનાના છેડો ફાડી નાખતા ઉગ્ર રોષ પ્રવર્તી રહ્યો છે સાથે સાથે જીલ્લા અને તાલુકા કક્ષાએ ઠાકોર સેનામાં પ્રાણ રેડી દેનાર કાર્યકરોની છાપ બગડી હોવાનું અને અલ્પેશ ઠાકોરના લીધે તેમનું પણ રાજકારણ પૂરું થવાની સંભાવના રહેલી હોવાનું જણાવી કોંગ્રેસના લોકસભાના ઉમેદવારના પ્રચાર-પ્રસારમાં દિલ લગાવી કામ કરતા હોવા છતાં હવે શંકાની નજરે ઉમેદવારો અને કાર્યકરો જોઈ રહ્યા હોવાનું ક્ષત્રિય-ઠાકોર સેનાના કાર્યકરે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું. ઉત્તર ગુજરાતમાં ક્ષત્રિય-ઠાકોર સમાજના મોટો ભાગના લોકો વર્ષોથી કોંગ્રેસ સાથે જોડાયેલા હતા અને જોડાયેલા રહેશે.



લોકસભાની ચૂંટણીનું પ્રચાર કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે રાજ્યના પૂર્વમંત્રી અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ આજે બનાસકાંઠા લોકસભા વિસ્તારના આદિવાસી પટ્ટાના દાંતા અને પાટણ લોકસભા વિસ્તારના કાંકરેજ તાલુકામાં ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ કાર્યકરો સાથે બેઠક યોજીને ચૂંટણીની રણનીતિ તૈયાર કરી હતી.

## ધાનેરાના કોટડા ધાખા ગામ પાસે અકસ્માત : ૧નું મોત : ૪ ઘાયલ

### ડાયવર્ઝન વગર રોડનું કામ ચાલતું હોવાથી સર્જાયો અકસ્માત





ધાનેરા થી નેનાવા સુધી રોડ બનવાનું કામ ચાલી રહ્યું છે ત્યારે વાહન ચાલકો ને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે અને વારંવાર અકસ્માત નો ભય સતાવી રહ્યો છે ત્યારે આજે સ્વીફ્ટ ગાડી રસ્તા પર થી નીચે ઉતરી જતા અકસ્માત સર્જાયો હતો જેમાં એક વ્યક્તિ નું મોત નીપજ્યું હતું તો અન્ય ચાર લોકો ને ગંભીર ઈજા થવા પમી છે

ધાનેરા થી નેનાવા સુધી ના રોડ પર ચાલવું અત્યારે ખુબજ મુશ્કેલ કારણકે આ જગ્યા પર રોડ નવો બનવાનું કામ ચાલી રહ્યું છે પરંતુ કોન્ટ્રાક્ટરો દ્વારા કોઈજ પ્રકાર નું ડાયવર્ઝન આપવામાં આવ્યું નથી અને રોડ ઉપર એટલી બધી ધૂળની ડમરીઓ ઉડી રહી છે કે સામે થી આવતું વાહન પણ નથી દેખાતું ત્યારે આજે રાજેસ્થાન થી ધાનેરા તરફ એક સ્વીફ્ટ ગાડી આવી રહી ત્યારે ધૂળ ની ડમરીઓ ને લઈ આગળ કોઈજ ન દેખાતા ડ્રાયવર સ્ટ્રીનગ નો કાબુ ગુમાવી બેઠો હતો અને ભયાનક અકસ્માત સર્જાયો હતો ત્યારે ધડાકો સાંભળી આજુ બાજુ થી લોકો દોડી આવ્યા હતા અને ગાડી માં ફસાયેલા લોકો ને બહાર નીકળ્યા હતા ...લોકો દ્વારા ધાનેરા ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ના ભરતભાઈ ચૌધરી તાત્કાલિક તેમની ટિમ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા અને ઘાયલો ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડયા હતા રેફરલ હોસ્પિટલ ના માં ફરજ પરના તબીબ ડો મિતેષ ડાભી દ્વારા તાત્કાલિક સારવાર ચાલુ કરી હતી પરંતુ સારવાર દરમ્યાન લીલાભાઈ વાલાભાઈ રબારી ઉવ ૫૫ રહે ખેરોલા તા.લાખણી વાળાનું મોત નીપજ્યું હતું જ્યારે પોપટભાઈ લાવજીભાઈ મજીરાણા. રમેશભાઈ લીલાભાઈ રબારી વગતાજી સોનાજી ભીલ.સુજાભાઈ સોનાજી ભીલ તમામ રહે ખેરોલા વાળા ની હાલત ગંભીર જણાતાં તમામ ને વધુ સારવાર અર્થે આગળ રીફર કરવામાં આવ્યા હતા જો તંત્ર તાત્કાલિક જાગે અને આવા કોન્ટ્રકર સામે કાર્યવાહી કરી વાહન ચાલકો ને પૂરતી સુવિધા આપે નહીં તો આવનારા સમય માં આનાથી ઓન મોટો અકસ્માત સર્જાય અને મોટી જાનહાની સર્જાય તો કોઈ નવાઈ ની વાત નથી

## અરવલ્લી જિલ્લાના ૨૭૭૧ મતદારો

## આજે પોસ્ટલ બેલેટથી મતદાન કરી ઉમેદવારનું ભાવિ નક્કી કરશે

મોડાસા, તા. ૧૨

ભારતના ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર આગામી ૨૩ એપ્રિલ ૨૦૧૯ રોજ મતદાન યોજાનાર છે ત્યારે સરહદ પર ફરજ બજાવતા જવાનોને ઓનલાઇન મતપત્ર મોકલવાની પક્રિયા પૂર્ણ થયા બાદ જિલ્લામાં વિવિધ જગ્યાએ ફરજ બજાવતા ૨૭૭૧ સરકારી કર્મીઓનું આજે ૧૩ એપ્રિલ ૨૦૧૯ શનિવારના રોજ પોસ્ટલ બેલેટથી મતદાન યોજાશે જેમાં તમામ ઉમેદવારોના મતદાન એજન્ટ પણ હાજરી આપશે.

અરવલ્લીના મોડાસા સ્થિત સરકારી ઈજનેરી કોલેજ ખાતે સવારે ૭થી સાંજના ૬ કલાક દરમિયાન યોજાનાર પોસ્ટલ બેલેટ મતદાનમાં પોલીસના ૭૩૮, હોમગાર્ડના ૧૪૨૭, એસ.ટી નિગમના ૧૦૮ ડ્રાઈવર/કંડકટર અને એસઆરપી/ગ્રામ રક્ષક દળના ૪૯૮ મળી કુલ ૨૭૭૧ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે.

જયારે વિધાનસભા મતદારવિભાગવાર જોઈએ તો જેમનું હિંમતનગર વિધાનસભા મતદાર વિભાગમાં નામ છે અને અરવલ્લી જિલ્લા ખાતે ફરજ બજાવે છે તેવા હિંમતનગરના ૪૨ ઈડરના ૪, ખેડબ્રહ્માના ૨૧, ભિલોડાના ૯૫૭, મોડાસાના ૭૫૩, બાયડના ૯૫૯ અને પ્રાંતિજ મતદાર વિભાગમાં નામ છે તેવા ૩૫ મળી કુલ ૨૭૭૧ મતદારો સરકારી ઈજનેરી કોલેજ ખાતે સુવિધા કેન્દ્રમાં ખાસ ઊભા કરવામાં આવેલા સાત મતદાન મથકો ખાતે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

## ખેડબ્રહ્માના ચાડા પાસે બે કાર ટકરતા ૩ ઘાયલ





ખેડબ્રહ્મા તાલુકાના ચાડા ગામ પાસે શુક્રવાર સાંજના આગળ જતી એક કારને પાછળથી બીજી કરે ટક્કર મારી હતી જેમા ૩ મહિલાઓ ઘયલ થઈ હતી.

ખેડબ્રહ્મા હાઈવે પર આવેલ ચાડા ગામ પાસે શુક્રવાર સાંજના અંબાજી તરફથી આવતી ઈકો કાર ન. જી.જે.૧.કે.ઈ ૩૨૦૨ ને પાછળ આવતી કાર ન. જી.જે.૯.બીઈ ૯૮૫૦ ના ચાલકે ટક્કર મારતા ઈકો કારમાં બેઠેલા લોકોને ઈજાઓ પહોંચી હતી જેમને ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જયૂસીબેન રાજેશભાઈ ખટીક ઉ.વ.૧૨ ને સારવાર આપવામાં આવી હતી જયારે દુર્ગાબેન લક્ષમણ ભાઈ ખટીક ૪૪ અને શાંતાબેન ખેમાભાઈ ખટીક ૫૦ ને વધુ ઈજાઓ હોઈ હિંમતનગર રીફર કરવામા આવ્યા હતા.




આજે ભિલોડા દિવ્યાંગજનો માટે મતદાન જાગૃતિ ઈવીએમ વિવીપેટ અંગે બરક ભવન ભિલોડા ખાતે ખાતે સમગ્ર શિક્ષા અભિયાન ફીઝીકલ હેન્ડીકેપ સંસ્થા વિનોદ પટેલ, અંધજન મંડળ માનદ મંત્રી ભાસ્કાર મેહતા, સમાજ સુરક્ષા અરવલ્લી શાખા સમાજ સેવક દેવાંગ ચૌધરી દ્વારા મતદાન જાગૃતિ ઈવીએમ ઉપયોગિતા અંગે માર્ગદર્શન તાલીમ આપવામાં આવી હતી. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એ.કે. પટેલે ઉપસ્થિત ૧૨૦ જેટલા દિવ્યાંગજનોને માર્ગદર્શન આપ્યું હતું.

## વડગામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની છાત્રા વિશ્વકક્ષાએ ટેનિસમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

વડગામ, તા. ૧૨

વડગામ તાલુકામાં આવેલી એક માત્ર કોલેજ યુ.એચ. ચોધરી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની એક છાત્રા વિશ્વકક્ષાની ટેનિસ સ્પર્ધામાં ભારતનું પ્રતનિધીત્વ કરી કોલેજ અને ગામનું, તાલુકાનું નામ રોશન કરનાર પ્રથમ મહિલા છે. જેને સમગ્ર પંથકના લોકોમાં વૈદેહી પ્રત્યે ઉત્સાહની લાગણી જોવા મળી હતી અને તે ટેનિસમાં ખૂબ આગળ વધે તે માટે લોકોએ ભગવાનને પ્રાથના કરી હતી.

તાલુકા મથક વડગામમાં આવેલી યુ.એચ. ચોધરી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સમગ્ર વડગામ તાલુકાના માત્ર એક જ કોલેજ છે. ત્યારે અંતરિયાળ વિસ્તારમાંથી અને આજુબાજુ ગામના કેટલાય વિદ્યાર્થીઓ કોલેજના અભ્યાસ માટે વડગામમાં આવે છે. ત્યારે આ કોલેજમાં અભ્યાસ કરતી વૈદેહી ચોધરી નામની વિદ્યાર્થિની ટેનિસની સ્પર્ધામાં વર્લ્ડ યુનિવર્સિટી ચેમ્પિનશિપમાં ફાઈનલ જીતી ચેમ્પિયન બની હતી અને હાલમાં તે વર્લ્ડ યુનિવર્સિટી ચેમ્પયનશિપમાં ભારત જી ટીમમાં તેની કેપ્ટન તરીકેની પસંદગી કરવામાં આવી છે. ત્યારે વૈદેહીએ વડગામ કોલેજ, ઉત્તર ગુજરાત યુનિવર્સીટી તેમજ ગુજરાતનું નામ સમગ્ર ભારતમાં અને વર્લ્ડ નામ રોશન કર્યું છે. ત્યારે અસાધારણ સિધ્ધિ મેળવવા બદલ વૈદેહી ચોધરીને કોલેજના પ્રિન્સીપાલ એલ.વી.ગોળ, કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા અને આ વૈદેહીની સફળતા પાછળ તેના માતા પિતા અને કોલેજનો ફાળો મહત્વનો ગણાવ્યો હતો અને આગામી જુલાઈ માસમાં ઈટાલી ખાતે રમનારી ટેનિસ વર્લ્ડ યુનિવર્સિટી ચેમપિયનશિપ જીતવાની ઈચ્છા પણ વૈદેહીએ વ્યક્ત કરી.હતી.

### ખેડબ્રહ્મા તાલુકાના રાજસ્થાન બોર્ડર પર આવેલ

## પઢારા ગામની સીમમાંથી ગેરકાયદેસર હથિયાર ઝડપી પાડતી સાબરકાંઠા એસઓજી

ખેડબ્રહ્મા, તા. ૧૨

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ અન્વય આદર્શ આચાર સંહિતા અમલમાં હોય જે અનુસંધાને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અસરકારક પેટ્રોલીંગ કરવા તેમજ ગેરકાયદેસર હથિયારના કેસો શોધી કાઢવા સુચના આપેલ હોઈ જે અનુંસંધાને આજરોજ એસઓજી એમ.ડી. ઉપાધ્યાય તથા પીએસઆઈ એસ.એન. પરમાર તથા પીએસઆઈ ડી.જે.લકુમ તથા એસઆઈ કૌશિકભાઈ તથા એચસી કાળુભાઈ તથા ધર્મેન્દ્રસિંહ તથા મહેન્દ્રસિંહ તથા સીતાબેન તથા સુરેખાબેન તથા પીસી ચંદુભાઈ તથા વિક્રમસિંહ તથા ધર્મેન્દ્રસિંહ તથા ભાવેશકુમાર તથા અપેન્દ્રસિંહ તથા દશરથભાઈ વિ. એસઓજી સ્ટાફના માણસો દ્વારા ખાનગી બાતમી આધારે ખેડબ્રહ્મા તાલુકાના રાજસ્થાન બોર્ડર ઉપર આવેલા પઢારા ગામની સીમમાં આવેલ પરમાર ફળીયામાં રહેતા



બાલુભાઈ નાણાભાઈ ખોખરીયાના ઘરે રેઈડ કરતાં તેના ઘરમાંથી એક વગર પાસ પરમીટની ફુલ્લીદાર બંદુક (અગ્નિ શસ્ત્ર) ડબલ બેરલ મળી આવતાં કબ્જે લઈ ઉપરોકત ઈસમ, કે જે પોલીસ રેઈડ જોઈ ઘરેથી ભાગી ગયેલ હોય તેને પકડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તેમજ સદર ઈસમ બાલુભાઈ નાણાભાઈ ખોખરીયા રહે.પડાયા તા.ખેડબ્રહ્મા જી. સાબરકાંઠા વાળાના ઘરમાંથી પકડાયેલ ગેરકાયદેસરની પાસ પરમીટ વગરની દેશી બનાવટની ફુલ્લીદાર બંદુક (અગ્નિશસ્ત્ર ) ડબલ બેરલ કિં. રૂ.૩૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી સદર ઈસમ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન ખાતે આર્મ્સ એકટની કલમ ૨૫(૧-બી)એ મુજબ ફરીયાદ દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આમ, સાબરકાંઠા એસ.ઓ.જી.ને ગેરકાયદેસર હથિયાર પકડી પાડવામાં વધુ એક સફળતા મળેલ છે.

## જાહેર નોટીસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારા અસીલ શ્રી પટેલ સોમાભાઈ કોહ્યાભાઈ રહે. વાસણા, તા. મેઘરજ, જિ. અરવલ્લીના ની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટા વહીવટી હેઠળની રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અરવલ્લી, રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક્ટ મેઘરજ ના મોજે ગામ વાસણાના સર્વે નંબર : ૯૦ની હે.આર. પ્રતિ આરે યાને. ૧.૩૭.૭૧ ચો.મી. પિયત ખેતીની જમીન છે. જે તેઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા વહીવટના હક્કો સાથેની તેઓના નામે ચાલતી આવેલ છે. તેઓએ સદરહુ જમીન તેઓની સ્વતંત્ર માલિકીની, પ્રત્યક્ષ કબજા ભોગવટા વહીવટની તેમજ સર્વે પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સર્વે શખ્સો કે જેઓ વેચાણથી, બક્ષીસથી, વારસાઈથી કે ગીરો, લીયન ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે બીજી કોઈપણ રીતે સદરહુ જમીન પર કોઈ હક્ક, અગ્રહક્ક કે ભરણપોષણ કે જીવાઈનો દાવો કે અલાખો ધરાવતા હોય કે સદર જમીન અંગે કોઈ દાવો, કાર્યવાહી પ્રકરણ પેન્ડીંગ છે તેમ જાણતાં હોય કે જાતે સદર જમીનમાં પોતાના લાગ, ભાગ, હક, હિત હોવા અંગે કોઈ દાવા કાર્યવાહી પ્રકરણ દાખલ કર્યા હોય કે પેન્ડીંગ છે તેમ જાણતાં હોય તો તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેના દિવસ-૭ (સાત)ની અંદર નીચેના સરનામે કરવી, નહિતર સદરહુ જમીન પરત્વે આવા કોઈના કોઈ હક્ક, દાવા કે અલાખા છે નહીં તેમ માનીને કે હશે તો પણ કોઈ હિત કે દાવો રાખવો નથી અને જતો કરેલ છે - વેવ કરેલ છે તેમ માની તેના પર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહિ અને મિલકતના માલિકોને આગળની કાર્યવાહી કરવા મિલકતના માલિકો હક્કદાર રહેશે.

તા. ૧૩/૪/૨૦૧૯
સ્થળ : મોડાસા

સહી/-
પ્રદિપ એન. પટેલ
(એડવોકેટ)
મુ. પો. કોલીખડ, તા. મોડાસા, જી. અરવલ્લી
મો : ૯૮૨૪૯ ૭૪૧૫૪, ૯૨૬૫૦ ૪૧૨૭૩